# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ યથાવત

## સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ : ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી બાદ તંત્ર એલર્ટ : સાવચેતીના પગલાઓ





અમદાવાદ, તા.૨૭

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારો અને ઉત્તર ગુજરાતમાં અનેક જગ્ગાઓએ ભારે વરસાદ જારી રહ્યો છે. ભારેથી અતિભારે વરસાદના સ્વરૂપે અનેક જગ્યાઓએ જનજીવન ખોરવાઈ ગયું હતું. દક્ષિણ ગુજરાત અને ખાસ કરીનો ડાંગ, સુરત, નવસારી, વલસાડ અને ભરૂચમાં ભારે વરસાદ થયો છે. તાપીમાં પણ ભારે વરસાદ થયો છે. સાપુતારામાં ભારે વરસાદના પરિણામ સ્વરૂપે વાતાવરણ રોમાંચક બની ગયું છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. તાપીમાં ડોલાવાડો ડેમ ઓવરફ્લો થઈ જતા પાણીની તંગી દુર થવાના સંકેતો મળી રહ્યા છે. મોટાભાગના જળશયો અને ડેમ પણ ઓવરફ્લો થયા છે. નર્મદા જિલ્લા અને શહેરમાં પણ ભારે વરસાદ થયો છે. ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. રાજ્યના ૬૮ તાલુકાઓમાં ૧ થી ૩૯ મીમી સુધીનો વરસાદ થયો છે. નર્મદા જિલ્લા અને આસપાસ વિસ્તારોમાં બપોર બાદ ભારે વરસાદ તુટી પડતા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. બીજી બાજુ ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશ અને પૂર્વીય રાજસ્થાન ઉપર સાયક્લોનિક સક્યુલેશનની સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે ભારે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. દાહોદ, મહિસાગર, પચંમહાલ, નવસારી, સુરત અને ડાંગમાં પણ વરસાદની ચેતવણી જારી કરાઈ છે. ગુજરાતને અસર કરતી એવી બે સિસ્ટમ સક્રિય થવાને પગલે આગામી પાંચ દિવસ સુધી ગુજરાત રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જેને પગલે રાજયના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ એલર્ટ આપવામાં આવ્યું છે. ખાસ કરીને માછીમારોને પાંચ દિવસ દરિયો ન ખેડવાની સૂચના જારી કરાઈ છે. હવામાન ખાતાની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઈ સરકાર અને તંત્ર પણ હાઈ એલર્ટ પર છે. એનડીઆરએફ, ફાયરબ્રિગેડ સહિતના જવાનોને પણ સ્ટેન્ડ ટુ રહેવાની તાકીદ કરી દેવાઈ છે. આગાહી મુજબ, રાજયમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલ, નોર્થ ઓડિશા અને ઝારખંડ પર બનેલા લો પ્રેશરને કારણે વરસાદી સિસ્ટમ સર્જાઈ છે, તેવી જ રીતે ઉત્તર પ્રદેશ પર સર્જાયેલા અપર એર સાયકલોનિક સરક્યુલેશન સિસ્ટમ આગળ વધીને મધ્યપ્રદેશ તરફ આવી છે, જેની સીધી અસર ગુજરાતના વાતાવરણમાં જોવા મળી રહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ત્રણથી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદ પડશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૪ કલાક બાદ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ બે સિસ્ટમને કારણે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહિસાગર ઉપરાંત અમદાવાદ, ગાંધીનગરમાં પણ ખુબ જ સારો વરસાદ થશે. જ્યારે તા.૩૦ જૂલાઈની આસપાસ વરસાદી સિસ્ટમ કચ્છ તરફ આગળ વધતા મોરબી, જામનગરમાં વરસાદની સંભાવના છે. જેથી કુલ મળીને આગામી પાંચ દિવસમાં વરસાદની સંભાવના છે. તા.૩૧ જૂલાઈ પછી એક લો પ્રેશર એરિયા સિસ્ટમ પશ્ચિમ બંગાળમાં બનશે. જેના બે-ત્રણ દિવસ બાદ એટલે કે તા.૨ અને ૩ ઓગસ્ટે ગુજરાતમાં સારો વરસાદ પડવાની શક્યતા છે. અત્યાર સુધી અમદાવાદમાં ઓછો વરસાદ નોંધાયો છે, ત્યારે આગામી તા.૨૮ અને ૨૯ જૂલાઈએ અમદાવાદ અને ગાંધીનગરથી મધ્ય ગુજરાત તરફ પણ સારો વરસાદ પડે તેવી શકયતા છે.

## સાબરકાંઠામાં ભારે વરસાદની આગાહી

હિંમતનગર,તા. ૨૭

ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે સાબરકાંઠાના વહિવટીતંત્ર દ્વારા પૂર તથા અન્ય પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરૂ આયોજન કરીને જિલ્લા તથા તાલુકાકક્ષાએ કંટ્રોલરૂમ શરૂ કરી જવાબદાર અધિકારીઓને હેડક્વાટર્સ ન છોડવા માટે શનિવારે જિલ્લા ડિઝાસ્ટર વિભાગે જિલ્લા સમાહર્તાની સુચનાથી આદેશ જારી કર્યા છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા હવાના દબાણને કારણે ગુજરાતમાં દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાત તથા તેના નજીકના વિસ્તારોમાં તા. ૨૭થી ૨૯ જુલાઈ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા હિંમતનગર સ્થિત જિલ્લા ડિઝાસ્ટર કચેરીમાં રાઉન્ડ ધ ક્લોક કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયો છે. જિલ્લાના પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીનામાં આવેલ મામલતદાર કચેરીઓમાં પણ કંટ્રોલરૂમ ચાલુ કરીને વાતાવરણ અને વરસાદ પર સતત નજર રાખવા માટે જવાબદાર અધિકારીઓને તાકીદ કરીને સતત ત્રણ દિવસ હેડક્વાટર્સ ન છોડવા માટેના આદેશ જારી કરાયા છે.

## શિવરાજસિંહ આજે ગુજરાતમાં

અમદાવાદ,તા.૨૭

મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના સંગઠન પર્વના રાષ્ટ્રીય સયોજક શિવરાજસિંહ ચૌહાણ આવતીકાલથી બે દિવસની યાત્રાએ ગુજરાત પહોંચી રહ્યા છે. શિવરાજસિંહ બે દિવસની યાત્રા દરમિયાન જુદા જુદા કાર્યક્રમમાં હાજરી આપશે અને કાર્યકરોને માર્ગદર્શન પણ આપશે.

૨૯મીએ સુરતના હજીરામાં ચાર હજારથી વધુ યુવા કર્મીઓ સાથે વાતચીત કરશે. લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભવ્યાતિભવ્ય વિજય મેળવ્યા બાદ તથા ભાજપાના સંગઠન પર્વ-૨૦૧૯ના સદસ્યતા વૃધ્ધિ અભિયાન અંતર્ગત સંગઠન પર્વના રાષ્ટ્રીય સંયોજક અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આગામી તારીખ ૨૮ અને ૨૯, જુલાઈ ૨૦૧૯ એમ બે દિવસીય ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, ત્યારે શિવરાજસિંહ ચૌહાણ આવતીકાલ તારીખ ૨૮ અને ૨૯ જુલાઈના રોજ સુરત ખાતે ભાજપા દ્વારા યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. સદસ્યતા વૃધ્ધિ અભિયાનના રાષ્ટ્રીય સંયોજક અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આગામી તારીખ ૨૮ જુલાઈ, ૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સુરત એરપોર્ટ ખાતે આવશે. ત્યારબાદ સાંજે ૫.૩૦ કલાકે તેઓ સુરત ખાતે આવેલ પાંડેસરાની સેવાવસ્તીમાં જઈ ભાજપાના સદસ્યતા વૃધ્ધિ અભિયાનની સાથે સાથે વૃક્ષારોપણ કરશે. શિવરાજસિંહ ચૌહાણ સાંજે ૭.૦૦ કલાકે મોઢ વણીક સમાજવાડી, લાલદરવાજા, સુરત શહેર ખાતે પ્રતિષ્ઠિત અગ્રણીઓ સાથે વાર્તાલાપ કરશે તેમજ સદસ્યતા અભિયાન અંગે માહિતગાર કરશે. આ પ્રસંગે તેઓ જનસંઘના કાર્યકર્તાઓનું સન્માન કરશે. તારીખ ૨૯, જુલાઈ ૨૦૧૯ના રોજ સવારે ૯.૩૦ કલાકે સુરતના હજીરા સ્થિત ઈચ્છાપોર ખાતે આવેલ હરિકૃષ્ણ એક્ષ્પોર્ટની મુલાકાત લઈ તેના ૪૦૦૦ યુવા કર્મચારીઓ સાથે ભાજપાના સદસ્યતા વૃધ્ધિ અભિયાન અંતર્ગત વાર્તાલાપ કરશે.

## હિંમતનગરના ૭૧ સ્વયંસેવકો અમરનાથ જવા રવાના થયા

હિંમતનગર, તા. ૨૭

હિન્દુ સમાજના આસ્થારૂપ એવા જમ્મુના કતરા નજીકથી અંદાજે ૧૫૦ કિ.મી. દુર આવેલા બુઢાઅમરનાથના દર્શન કરવા માટે અહીંના કેટલાક લોકોએ પ્રતિબંધ મુક્યો હતો. તો બીજી તરફ આ પ્રતિબાંધની એસીતેસી કરીને ૧૯૯૬થી દેશ પરના અંદાજે ૫૦ હજારથી વધુ હિન્દુ ધર્મના પ્રચારકો દ્વારા દર વર્ષે દર્શન કરવા જવાનો કરાયેલા નિર્ધારના ભાગરૂપે સનિવારે બુઢા અમરનાથ જતા ૭૧ સ્વયંસેવકોને મોં મીઠુ કરાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ અંગે વિહિપના અગ્રણી અને ધર્મપ્રચારક નલિનભાઈ પટેલના જણાવાયા મુજબ બુઢા અમરનાથના દર્શન કરવા માટે દર વર્ષે દેશભરમાંથી અસંખ્ય કાર્યકરો આવે છે. તેમના માટે જમ્મુ વિસ્તારના હિન્દુ ધર્મના પ્રચારકો રેહવાની તથા જમવાની સગવડો પણ આપે છે. જોકે બુઢા અમરનાથના દર્શન કરવા જતા અગાઉ તેમનુ મેડીકલ ચેકઅપ કરવામાં આવે છે ત્યારબાદ જવાનોના બંદોબસ્ત સાથે તેમને બુઢાઅમરનાથ લઈ જવાય છે.

## ડીસાના યુવાનનું રાજસ્થાન માર્ગ અકસ્માતમાં મોત



ડીસા, તા. ૨૭

ડીસા નગરના રઘુવંશી લોહાણા સમાજના આગેવાન જીવરાજભાઈ ભીમજીભાઈ પોપટના પુત્ર ભરતભાઈનું ગત તા. ૨૬-૭-૨૦૧૯ની રાત્રે રાજસ્થાનના બાડમેર રોડ ઉપર આવેલ સીમધરી નજીક માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યું હતું જે સમાચાર વાયુવેગે પ્રસરી ઉઠતા ખાસ કરીને રઘુવંશી સમાજે આઘાતનો આંચકો અનુભવ્યો હતો. આશાસ્પદ યુવાન ભરતભાઈ (લાલભાઈ) હસમુખા અને મળતાવડા સ્વભાવને લઈ બહોળું મિત્ર વર્તુળ ધરાવતા હતા તેમના અકાળે મોતને લઈ શોકની લાગણી છવાઈ હતી જ્યારે પરિવાર હતપ્રભ બની ગયો હતો. સ્વ.ની ગઈકાલે ડીસા સ્થિત નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં સ્નેહી સ્વજનો, આગેવાનો અને મિત્રોએ જોડાઈ નત મસ્કતે અંજલિ અર્પી હતી.

## પાલ્લામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા. ૨૭

શ્રી આર.એચ. પટેલ વિદ્યાલય પાલ્લા તાલુકો ભિલોડા, જીલ્લો અરવલ્લીમાં પર્યાવરણ સંવર્ધન માટે ઉત્સાહભેર વૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવાઈ ગયો. જેમાં શાળાના આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતિએ બાળકો તેમજ શાળાની એન.એસ.એસ. ટીમ દ્વારા અને શાળા પરિવાર સાથે મળીને શાળાના મેદાનમાં એક બાળ એક વૃક્ષ અંતર્ગત ઘણા બધા ઔષધીય વૃક્ષો જેમાં લીમડા, સરગવો જેવા વૃક્ષોના છોડ વાવવામાં આવ્યા હતા અને બાળકોને વૃક્ષો વિશે અને પર્યાવરણ બચાવવા માટે જાગૃતિ લાવવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો જેથી સમગ્ર સૃષ્ટિ ઉપર ગ્લોબલ વૉર્મિંગની અસર ઓછી કરી શકાય તેનું મહત્વ સમજાવી બાળકોને વૃક્ષપ્રેમી બનવા માટે આહવાન કર્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ પણ સમગ્ર વર્ષ દરમિયાન વાવેલા છોડનું જતન કરવા માટેના સંકલ્પ લીધા હતા.



ગાંધીનગર શહેરમાં ભલે વરસાદની રાહ જોવાતી હોય, પણ અમદાવાદવાસીઓ છેલ્લા બે દિવસથી વરસાદની મજા માણી રહ્યા છે. શનિવારે પણ અમદાવાદ શહેરમાં હળવા વરસાદી ઝાપટા જારી રહ્યા હતા, જેનો આનંદ અમદાવાદીઓએ માણ્યો હતો. ગાંધીનગરવાસીઓને વરસાદની રાહ જોવાનો જ વારો આવ્યો હતો.

## વેસ્ટસાઈડે તેનો સૌપ્રથમ સેલ શરૂ કર્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરનાં લોકો તમારી મનપસંદ ફેશન બ્રાન્ડ સાથે તમારી આતુરતાનો અંત આવી ગયો છે. ભારતની પસંદગીનું ફેશન ડેસ્ટિનેશન અને ટાટા હાઉસની બ્રાન્ડ વેસ્ટસાઈડે આર વર્લ્ડ ૧૬ સ્ટોરમાં એનો સૌપ્રથમ એન્ડ ઓફ સિઝન સેલ શરૂ કર્યો છે. એમાં એપેરેલ, ફૂટવેર, એક્સેસરીઝ અને કોસ્મેટિક્સ પર ૬૦ ટકા સુધીનુ ડિસ્કાઉન્ટ ઓફર થયું છે. આ સેલની શરૂઆત ૦૧ જુલાઈ, ૨૦૧૯થી થશે અને જુલાઈનાં અંત સુધી ચાલશે.

વેસ્ટસાઈડ ૨૧મી સદીની આધુનિક મહિલાઓ માટે સમકાલીન અને એક્સક્લૂઝિવલી ડિઝાઈન કરેલા એપેરેલની વિસ્તૃત રેન્જ પૂરી પાડે છે. એનાં વોર્ડરોબનાં ૯ કલેક્શનમાંથી ૯, કેઝ્યુઅલ અને કોન્ફિડન્ટ લોવ, યંગ અને એજી નુઓન અને કર્વી વિમેન માટે સાસ્સી સોડા, જીઆઈએ, પર્ફોર્મન્સ ફેબ્રિક્સમાં ફિટનેસ વેર માટે સ્ટુડિયો ફિટ, તમારું પર્સનલ ફેશન ક્વોશન્ટ વધારવા વુન્ડરલવ, વાર્કનું ફેસ્ટિવ અને ઈન્ટ્રિકેટ કલેક્શન, બોહેમિયન પ્રિન્ટ્સ અને ગ્લોબલ સિલહટ્સનો સમન્વય બોમ્બે પૈસ્લી, ફાઈન સિલ્ક વેવ્સ સાથે ઝુબા અથવા ફોરેવર ફેવરિટ ઉત્સા, જેમાં તમને રંગો અને સિલહટ્સની વિવિધતા મળે છે - એટલે વેસ્ટસાઈડ દરેક ટ્રેન્ડી મહિલા માટે કશું ધરાવે છે.

ફેશનમાં લેટેસ્ટ ટ્રેન્ડ્સને જાળવીને વેસ્ટસાઈડ પુરુષો માટે વિવિધતાસભર એપેરલ ઓફર કરે છે. પુરુષો માટેની બ્રાન્ડ્સમાં યંગ એન્ડ એજી નુઓન, ઈથનિક અને કુદરતી ફેબ્રિક્સની અસર સાથે ઈટીએ, ટેઈલર્ડ પરફેક્શન માટે એસ્કોટ, અનિવાર્ય કેઝ્યુઅલ વોર્ડરોબ વેસ્ટસ્પોર્ટ, પર્ફોર્મન્સ, ફેબ્રિક્સમાં ફિટનેસ વેર માટે સ્ટુડિયોફિટ તથા સમકાલીન અને આત્મવિશ્વાસ સાથે સભર વોર્ડરોબ સોલ્યુશન્સ માટે ડબલ્યુઈએસ સામેલ છે.

## અરવલ્લી જીલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે તમામ અધિકારીઓની રજા રદ કરાઈ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ રીસામણા લીધા છે. ત્યારે હવામાન વિભાગે ૨૭ થી ૨૯ જુલાઈ સુધીમાં રાજયમાં છૂટાછવાયા વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને હાલમાં દક્ષિણ ગુજરાતના આકાશમાં અરબી સમુદ્રને અડીને આવેલા વિસ્તારમાં એક હવાનું ચક્રવાત સર્જાયું છે. બંગાળની ખાડીમાં પણ એક સિસ્ટમ શનિવારે વિકસિત થવાની શકયતાના પગલે અરવલ્લી, પાટણ, રાજકોટ, સહીત ૫ જીલ્લામાં ભારેથી અતિભારે વરસાદી આગાહી કરી છે. અરવલ્લી જીલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે વહીવટીતંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. ભારે વરસાદને કારણે થતાં નુકસાનને અટકાવવા માટે અને રેસ્ક્યુ ઓપરેશનમાં કોઈ કચાશ ન રહે તે માટે તંત્ર દ્વારા તમામ અધિકારીઓની રજા રદ કરી દેવામાં આવી છે. એટલું જ નહીં, પણ એનડીઆરએફની એક ટીમને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. વહીવટીતંત્રએ નીચાણવાળા વિસ્તારો માટે વિશેષ તૈયારીઓ હાથ ધરી જો જરૂર પડશે તો નીચાણવાળાં વિસ્તારોને ખાલી કરી દેવામાં આવશે અને લોકોને સલામત સ્થળે ખસેડવા તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું જણાવી તંત્ર સંપૂર્ણ કુદરતી આફતને પહોંચી વળવા સજ્જ બન્યું હોવાનું જણાવ્યું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી પાંચ દિવસ ગુજરાત માટે ભારે સાબિત થશે. આગામી પાંચ દિવસમાં ગુજરાતમાં ભારે વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગે કરતાં અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. અરવલ્લી જીલ્લામાં તમામ અધિકારીઓની રજા રદ કરી દેવાઈ છે, તો એનડીઆરએફની એક ટીમને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

## માથાસુલિયા પ્રા. શાળામાં અબ્દુલ કલામની ૪થી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૭

માથાસુલિયા પ્રા. શાળામાં એ.પી.જે. અબ્દુલ કલામની ૪થી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. ભારતરત્ન પુરસ્કારથી સન્માનિત, પદ્મવિભૂષણ પુરસ્કાર મેળવનાર તથા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ તરીકે રહી ચુકેલા અને મિસાઈલમેનના હુલામણા નામથી ઓળખાતા ડૉ. કલામસાહેબે વિજ્ઞાનક્ષેત્રે કરેલા સંશોધનોની વિગત શાળાના સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર દ્વારા આપવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીની યશ્વી સુતરિયાએ ડૉ. અબ્દુલ કલામ વિશે પોતાનું વક્તવ્ય બાળકો સમક્ષ રજુ કર્યુ હતુ. શાળાના મુ.શિ.ની હાજરીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્દ્રસિંહ રહેવરે કર્યુ હતું.

### ● આકાશમાં છવાયેલા

(આઠમા પાનાનું અનુ.)

આજે નગરજનોએ દિવસ દરમિયાન ગરમીમાં રાહત અનુભવી હતી. મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી નોંધાયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૪ રહ્યુ હતુ. વરસાદી વાયરા વચ્ચે ગરમીનુ જોર ઘટયુ છે. રાજયમાં દક્ષિણ ગુજરાત સહીત વિવિધ વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થયા હતા. જયારે હવામાન વિભાગે રાજયમાં તા ૨૮ જુલાઈથી ભારે વરસાદ વરસશે તેવા સંકેતો આપ્યા છે. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો માત્ર ૧૨૦ મી મી વરસાદ થયો છે.

શહેરમાં માત્ર સિઝનનો ૧૫ ટકા વરસાદ જ થયો છે. જુલાઈ મહીનાના અંતે પણ હજુ સુધી મેઘરાજા મનમુકીને વરસ્યા નથી ત્યારે હાઉકલી કરી ભીંજારો કરી જતા મેઘરાજા ચોમેર પાણી પાણી કરી દે તેની ઈન્તેજારીમાં સૌ કોઈ છે. વરસાદ ખેંચાતા ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી છે. આજે દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ વચ્ચે પણ નગર કોરુધાકોર રહ્યુ હતુ.

## પાલનપુર ખાતે જળ સંચય જાગૃતિ પ્રદર્શન

પાલનપુર, તા. ૨૭

જળ શકિત અભિયાન અંતર્ગત પાલનપુર મુકામે કે.મા. ચોકસી પ્રા. શાળા ખાતે જળસંચય જાગૃતિ પ્રદર્શનને કલેકટર સંદીપ સાગલેના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. તેમજ આ પ્રસંગે યોજાયેલ વિધાર્થીઓની રેલીને કલેકટરે પ્રસ્થાન કરાવ્યું હતું.

પ્રાસંગીક પ્રવચન કરતાં કલેકટર સંદીપ સાગલેએ જણાવ્યું કે જળ શકિત અભિયાન અંતર્ગત બનાસકાંઠા જીલ્લામાં જળસંચય માટે લોકોની જાગૃતિ વધારવા તેમજ પરિણામદાયી પ્રયાસો થાય તે માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. કલેકટરે જળ શક્તિ અભિયાનમાં સૌને જોડાવવા અનુરોધ કરતાં જણાવ્યું કે પરિવાર અને સમાજમાં સુખ-સમૃદ્ધિ વધારવા તથા ભવિષ્યની પેઢીઓને વારસામાં પાણીના સમૃધ્ધ જળભંડારો આપવા માટે આપણે પાણીનો કાળજી અને કરકસરપૂર્વક ઉપયોગ કરીએ તથા વરસાદના વહી જતા પાણીનો જળસંચય કરીએ તે ખુબ જ જરૂરી છે. પાણી એ કુદરતની અમૂલ્ય સંપત્તિ છે જેનું આપણે સૌ સાથે મળી જતન કરીએ. વૃક્ષોનો ઉછેર અને પાણીનું જળસંચય કરી આપણે પર્યાવરણની સમતુલા જાળવીએ એમ કલેકટરે જણાવ્યું હતું. આ પ્રસંગે જી. પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રજાપતિ, તાલુકા વિકાસ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સહીત શાળાના આચાર્ય, શિક્ષકો અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭